**Press Release**

# ગ્લોબલ **NCAP** રેન્કિંગમાં મહિન્દ્રા **XUV300**ને છેલ્લાં 6 વર્ષમાં ભારતીય માર્ગો પર સૌથી સલામત વાહન તરીકે સ્થાન મળ્યું

*મહિન્દ્રા XUV300એ આંતરરાષ્ટ્રીય સ્તરે સલામતીમાં વધુ એક માન્યતા મેળવી*

*વર્ષ 2014થી 2020 વચ્ચે પરીક્ષણ થયેલા તમામ વાહનો વચ્ચે સર્વોચ્ચ ઓક્યુપન્ટ સેફ્ટી રેટિંગ*



#SAFERCARSFORINDIA

| RESULTS 2014 - 2020 | | | |
|---|---|---|---|
| Mahindra XUV300 | ✓2 | ★★★★★ | ★★★★☆ |
| Tata Altroz | ✓2 | ★★★★★ | ★★★☆☆ |
| Tata Nexon* | ✓2 | ★★★★★ | ★★★☆☆ |
| Tata Nexon | ✓2 | ★★★★☆ | ★★★☆☆ |
| Tata Tigor/Tiago | ✓2 | ★★★★☆ | ★★★☆☆ |
| Volkswagen Polo | ✓2 | ★★★★☆ | ★★★☆☆ |
| Mahindra Marazzo** | ✓2 | ★★★★☆ | ★★☆☆☆ |
| Toyota Etios | ✓2 | ★★★★☆ | ★★☆☆☆ |
| Suzuki Maruti Vitara Brezza | ✓2 | ★★★★☆ | ★★☆☆☆ |
| Tata Zest | ✓2 | ★★★★☆ | ★★☆☆☆ |
| Suzuki Marut Ertiga | ✓2 | ★★★☆☆ | ★★★☆☆ |
| Ford Aspire | ✓2 | ★★★☆☆ | ★★☆☆☆ |
| Honda Mobilio | ✓2 | ★★★☆☆ | ★★☆☆☆ |
| Renault Duster | ✓1 | ★★★☆☆ | ★★☆☆☆ |
| Suzuki Maruti Swift | ✓2 | ★★☆☆☆ | ★★☆☆☆ |
| Suzuki WagonR | ✓1 | ★★☆☆☆ | ★★☆☆☆ |
| Hyundai Santro | ✓1 | ★★☆☆☆ | ★★☆☆☆ |
| Datsun Redigo | ✓1 | ★☆☆☆☆ | ★★☆☆☆ |
| Renault Kwid (IV) | ✓1 | ★☆☆☆☆ | ★☆☆☆☆ |
| Volkswagen Polo | ✕ | ☆☆☆☆☆ | ★★★☆☆ |
| Renault Kwid (I) | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Renault Kwid (II) | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Renault Kwid (III) | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Ford Figo | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Suzuki Maruti Eeco | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Hyundai Eon | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Suzuki Maruti Alto | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Renault Duster | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Mahindra Scorpio | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Renault Lodgy | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Datsun Go | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Chevrolet Enjoy | ✕ | ☆☆☆☆☆ | ★★☆☆☆ |
| Tata Zest | ✕ | ☆☆☆☆☆ | ★☆☆☆☆ |
| Suzuki Maruti Celerio | ✕ | ☆☆☆☆☆ | ★☆☆☆☆ |
| Honda Mobilio | ✕ | ☆☆☆☆☆ | ★☆☆☆☆ |
| Suzuki Maruti Swift | ✕ | ☆☆☆☆☆ | ★☆☆☆☆ |
| Hyundai i10 | ✕ | ☆☆☆☆☆ | ★☆☆☆☆ |
| Tata Nano | ✕ | ☆☆☆☆☆ | ☆☆☆☆☆ |



* This result is valid for all Nexon units produced as from December 7th, 2018 (from VIN MAT627165JLP51255)
** This result is valid for all Marazzo units produced as from November 16th, 2018 (from VIN MA1WA2ES1J2L11253)

કોપીરાઇટ © 2020 મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ. તમામ અધિકારો સુરક્ષિત.

*અહીં ઉલ્લેખિત તમામ ખાસિયતો તમામ વેરિઅન્ટમાં ઉપલબ્ધ નથી.

**મુંબઈ, 15 જુલાઈ, 2020:** 19.4 અબજ ડોલરના મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે જાહેરાત કરી હતી કે, એની કોમ્પેક્ટ SUV XUV300એ ગ્લોબલ NCAPના છ વર્ષના સલામતી રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. આ XUV300 વર્ષ 2014થી વર્ષ 2020 વચ્ચે ગ્લોબલ NCAP દ્વારા પરીક્ષણ થયેલા તમામ વાહનો વચ્ચે સૌથી સલામતી કાર બની છે.

ગ્લોબલ NCAP (GNCAP)એ આ સમયગાળા દરમિયાન 38થી વધારે વાહનોની સલામતીનું મૂલ્યાંકન કર્યું છે અને XUV300એ પરીક્ષણ થયેલા તમામ મોડલ્સ વચ્ચે સલામતીનું સૌથી શ્રેષ્ઠ રેટિંગ મેળવ્યું હતું. XUV300એ સંયુક્તપણે શ્રેષ્ઠ ઓક્યુપન્ટ સેફ્ટી રેટિંગ મેળવ્યું છે, જેમાં એડલ્ટ ઓક્યુપન્ટ પ્રોટેક્શન માટે 5-સ્ટાર ગ્લોબલ NCAP રેટિંગ અને ચાઇલ્ડ ઓક્યુપન્ટ પ્રોટેક્શન માટે 4-સ્ટાર રેટિંગ મેળવ્યું છે, જેમાં ચાઇલ્ડ ઓક્યુપન્ટ પ્રોટેક્શન સુવિધા ભારતમાં પહેલીવાર મહિન્દ્રાએ પ્રસ્તુત કરી છે.

**આ આંતરરાષ્ટ્રીય સ્તરના સલામતીના માપદંડ પર મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડનાં ઓટોમોટિવ ડિવિઝનના સીઇઓ વીજય નાકરાએ કહ્યું હતું કે,** "આ મહિન્દ્રામાં અમારા માટે ગર્વની ક્ષણ છે. ચાલુ વર્ષની શરૂઆતમાં XUV300ને GNCAP રેટિંગ મળ્યું છે, જે અમારી વાહનની સલામતી પ્રત્યે ઊંચી કટિબદ્ધતા પ્રદર્શિત કરે છે અને ભારતીય ઓટોમોટિવ ઉદ્યોગ માટે મોટી ફરણફાળ છે, કારણ કે સ્વદેશી બ્રાન્ડે સલામતી પર લીડ મેળવી છે. મહિન્દ્રામાં અમારા માટે અમારા તમામ વાહનોની સલામતી કેન્દ્રસ્થાને છે અને અમે ભવિષ્યમાં અમારા વાહનોમાં સલામતી પર નવા માપદંડો સ્થાપિત કરવાનું જાળવી રાખીશું."

મહિન્દ્રા XUV300 ગ્રાહકોને સલામતીની 50 ખાસિયતો પૂરી પાડે છે, જેમાં **7 એરબેગ્સ, તમામ 4 વ્હીલ પર ડિસ્ક બ્રેક, ફ્રન્ટ પાર્કિંગ સેન્સર્સ અને હીટેડ ORVMs** જેવી સેગમેન્ટમાં સૌપ્રથમ ખાસિયતો સામેલ છે, જે કિલ્લા જેવી અભેદ્ય સુરક્ષા પ્રદાન કરે છે.

અત્યારે XUV300એ ભારતમાં વાહનની સલામતીની દ્રષ્ટિએ નવા માપદંડો સ્થાપિત કર્યા છે, જેને ગ્લોબલ NCAP દ્વારા 5-સ્ટાર રેટિંગ એનાયત થયું છે. ગ્લોબલ NCAP કન્ઝ્યુમર કાર સેફ્ટી ટેસ્ટિંગ સંસ્થાઓની સર્વોચ્ચ સંસ્થા છે. હકીકતમાં GNCAP દ્વારા મહિન્દ્રા ભારતમાં "સેફ ચોઇસ એવોર્ડ" મેળવનાર ભારતમાં પ્રથમ અને એકમાત્ર ઉત્પાદક કંપની છે. મહિન્દ્રા XUV300 માટે અધિકૃત ગ્લોબલ NCAP પરીક્ષણ ચાલુ વર્ષની શરૂઆતમાં જર્મનીમાં હાથ ધરવામાં આવ્યું હતું.

**<u>XUV300માં કિલ્લા જેવી અભેદ્ય સુરક્ષા</u>**

- XUV300 સેગમેન્ટમાં શ્રેષ્ઠ સલામતીની ખાસિયતો* ધરાવે છે:
- **સેગમેન્ટમાં પ્રથમ** 7 એરબેગ્સ, જેમાં ની એરબેગ, ડ્યુઅલ-ફ્રન્ટ, સાઇડ અને કર્ટેન એરબેગ્સ
- **સેગમેન્ટમાં પ્રથમ** તમામ 4 વ્હીલ્સમાં ડિસ્ક બ્રેક (સબ 4-મીટર કોમ્પેક્ટ SUVsમાં).
- **સેગમેન્ટમાં પ્રથમ** ફ્રન્ટ અને રિઅર પાર્કિંગ સેન્સર્સ
- **સેગમેન્ટમાં પ્રથમ** હીટેડ ORVMs
- ઓટો-ડિમિંગ IRVM
- ડાયનેમિક સ્ટીઅરિંગ ટોર્ક, હાઇડ્રોલિક બ્રેક આસિસ્ટ, રોલ-ઓવર મિટિગેશન અને ટ્રેક્શન કન્ટ્રોલ તેમજ હિલ સ્ટાર્ટ આસિસ્ટ સાથે ઇલેક્ટ્રોનિક સ્ટેબિલિટી પ્રોગ્રામ
- કોલપ્સિબલ સ્ટીઅરિંગ અને સાઇડ ઇન્ટ્રુઝન બીમ

કોપીરાઇટ © 2020 મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ. તમામ અધિકારો સુરક્ષિત.

*અહીં ઉલ્લેખિત તમામ ખાસિયતો તમામ વેરિઅન્ટમાં ઉપલબ્ધ નથી.

- તમામ વેરિઅન્ટમાં ABS અને EBD સ્ટાન્ડર્ડ
- એડેપ્ટિવ ગાઇડલાઇન્સ સાથે રિઅર કેમેરા
- એન્ટિ-થેફ્ટ એલાર્મ
- પ્રી-ટેન્શનર અને લોડ લિમિટર સાથે સીટ બેલ્ટ્સ
- ફ્રન્ટ અને રિઅર ફોગ લેમ્પ્સ
- ISOFIX ચાઇલ્ડ સીટ એન્કર્સ
- ટાયર-ટ્રોનિક્સ (ટાયર પ્રેશર અને ટેમ્પરેચર મોનિટરિંગ સિસ્ટમ)
- તમામ 5 સીટ માટે સીટ બેલ્ટ રિમાઇન્ડર
- તમામ સીટો પર 3-પોઇન્ટ સીટ બેલ્ટ
- ટાયર-પોઝિશન ડિસ્પ્લે
- ઓટો હેડલેમ્પ્સ
- ઓટો વાઇપર્સ
- સ્પીડ સેન્સિંગ ડોર લોક્સ
- ઇમ્પેક્ટ સેન્સિંગ ડોર અનલોક

**કૃપા કરીને સોશિયલ મીડિયા અપડેટ માટે નીચેના હેશટેગ/હેન્ડલનો ઉપયોગ કરો:**

#SafetyForAll
#SafeMahindra
#MahindraXUV300
@MahindraXUV300
@MahindraRise

## મહિન્દ્રા વિશે

19.4 અબજ ડોલરનું મહિન્દ્રા ગ્રૂપ વિવિધ કંપનીઓનું જૂથ છે, જે લોકોને નવીન મોબાલિટી સોલ્યુશન્સ મારફતે સક્ષમ બનાવે છે, ગ્રામીણ વિસ્તારોમાં સમૃદ્ધિ લાવે છે, શહેરી જીવનની ગુણવત્તા વધારે છે, નવા વ્યવસાયોને પોષણ આપે છે અને વિવિધ સમુદાયોને પ્રોત્સાહન આપે છે. તે ભારતમાં યુટિલિટી વ્હીકલ્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, નાણાકીય સેવાઓ અને વેકેશન ઑનરશિપમાં ટોચનું સ્થાન ધરાવે છે તથા વિશ્વમાં વોલ્યુમની દ્રષ્ટિએ ટ્રેક્ટરની સૌથી મોટી કંપની છે. આ રિન્યૂએબલ એનર્જી, એગ્રીબિઝનેસ, લોજિસ્ટિક્સ, એગ્રિબિઝનેસ, લોજિસ્ટિક્સ અને રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં પણ મજબૂત કામગીરી ધરાવે છે. ભારતમાં હેડક્વાર્ટર ધરાવતું મહિન્દ્રા ગ્રૂપ 100 દેશોમાં 2,56,000થી વધારે લોકોને રોજગારી આપી છે.

વધારે જાણકારી મેળવવા માટે વેબસાઇટ જુઓ: www.mahindra.com / Twitter and Facebook: @MahindraRise

**Media contact information**

Mohan Nair
Vice President (Communications)
Mahindra & Mahindra Ltd.
Landline – + 91 22 28468510 Email – nair.mohan@mahindra.com

કોપીરાઇટ © 2020 મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ. તમામ અધિકારો સુરક્ષિત.

*અહીં ઉલ્લેખિત તમામ ખાસિયતો તમામ વેરિઅન્ટમાં ઉપલબ્ધ નથી.